# ઉત્તરપ્રદેશમાં ૧૬ રાજકારણીઓ સામે વોરંટ

લખનૌ,તા. ૧૮

ઉત્તરપ્રદેશના મુજફ્ફરનગરમાં સાંપ્રદાયિક હિંસા ફેલાવવાનો આરોપ ધરાવતા ૧૬ નેતાઓની સામે ધરપકડ વોરન્ટ જારી કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. જે નેતાઓની સામે ધરપકડ વોરન્ટ જારી કરવામાં આવ્યા છે તેમાં બહુજન સમાજ પાર્ટી અને બસપના નેતાઓનો પણ સમાવેશ થાય છે. આરોપી રાજકારણીઓ પૈકીના એક બસપના ધારાસભ્ય નૂર સલીમ રાણેએ એવા આક્ષેપને રદિયો આપ્યો છે કે તોફાની ટોળાને ઉશ્કેરવામાં તેમની ભૂમિકા રહેલી છે. એક મુલાકાતમાં તેમણે કહ્યુ છેકે તપાસ બાદ જો તેઓ દોષિત જાહેર થશે તો જેલમાં જવા માટે પણ તૈયાર છે. દરમિયાન ઉત્તરપ્રદેશ વિધાનસભામાં આજે ભારે ધાંધલ ધમાલ થઈ હતી અને મુજફ્ફરનગરમાં કોમી હિંસાના સંબંધમાં ચર્ચા માટેની માંગણી વિરોધ પક્ષો દ્વારા કરવામાં આવી હતી. ટોચના છ રાજકારણીઓ સહિત ૧૬ લોકોની સામે ધરપકડ વોરન્ટ જારી કરવામાં આવ્યા છે. આ તમામ ઉપર ઉશ્કેરણીજનક ભાષણ આપવા અને લોકોને હિંસા ફેલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. જે ૧૬ જનપ્રતિનિધિઓ અને સ્થાનિક નેતાઓ સામે વોરન્ટ જારી કરવામાં આવ્યા છે તેમાં બસપ સાંસદ કાદિર રાણા, ભાજપના સાંસદ સંગિત સોમ, ભારતેન્દુસિંહ, બસપના એમએલએ નૂર સલીમ, મૌલાના જમીર, કોંગ્રેસના નેતા સઈદ ઉજમાન અને ભારતીય કિસાન યુનિયનના પ્રમુખ નરેશ ટિકેતનો સમાવેશ થાય છે. બસપના






સાંસદ કાદીર રાણા, ધારાસભ્ય નૂર સલીમ અને જમીલની સામે પહેલાથી જ ગંભીર કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવી ચુક્યા છે. ભાજપના સંગીત સોમ અને ભારતેન્દુંસિંહની સામે પણ વોરન્ટ જારી કરવામાં આવ્યા છે. સંગીત સોમે બનાવટી વીડિયો અપલોડ કરવાના આરોપોને ફગાવી દીધા છે. એવો આક્ષેપ છે કે સોશિયલ સાઈટ પર અપલોડ કરવામાં આવેલા વીડિયોના પરિણામસ્વરપે સાંપ્રદાયિક હિંસા વધારે ફેલાઈ હતી. કોર્ટ તરફથી વોરન્ટ જારી કરવામાં આવ્યા હોવા છતાં સોમની હજુ સુધી ધરપકડ કરાઈ નથી. સૂત્રોનું કહેવું છે કે ઉશ્કેરણીજનક ભાષણ આપવા બદલ ઉત્તર પ્રદેશના રાજકારણીઓ સામે આ ધરપકડ વોરંટ જારી કરાયા છે. ઉશ્કેરણીજનક ભાષણના પરિણામ સ્વરૂપે મુજફ્ફરનગરમાં સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠી હતી. જેના પરિણામ સ્વરૂપે ૪૮ લોકોના મોત થઈ ગયા હતા. ઉત્તર પ્રદેશમાં હાલમાં જ ભડકેલી સાંપ્રદાયિક હિંસામાં સૌથી ભડકારરૂપ ગણવામાં આવે છે. ૨૭મી ઓગસ્ટના દિવસે કવાલ ગામમાં કોમી હિંસામાં ત્રણ યુવાનોના મોત થયા બાદ અન્ય વિસ્તારોમાં સાંપ્રદાયિક હિંસા ફેલાઈ ગઈ હતી. સમગ્ર મુજફ્ફરનગર જિલ્લામાં હિંસાનો દોર શરૂ થઈ ગયો હતો. આ સાંપ્રદાયિક હિંસાના પરિણામ સ્વરૂપે ઉત્તર પ્રદેશ સરકારની નિષ્ક્રિયતા સ્પષ્ટપણે સપાટી ઉપર આવી ગઈ હતી. રાજકીય સંગઠનો તરફથી પણ ઉત્તર પ્રદેશ સરકાર સામે પ્રહારો કરવામાં આવી રહ્યા છે. આ હિંસા બાદ ભાજપના કેટલાક સ્થાનિક નેતાઓ સહિત મોટી સંખ્યામાં લોકોની ધરપકડ કરાઈ હતી. ઉત્તર પ્રદેશના કેબિનેટ પ્રધાન આઝમ ખાને પણ પગલાં લેવામાં વિલંબ બદલ તેમની પાર્ટીની સરકાર ઉપર આક્ષેપો કર્યા હતા. સમાજવાદી પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં પણ તેઓ ઉપસ્થિત રહ્યા ન હતા જેના લીધે પક્ષના અન્ય નેતાઓએ તેમના રાજીનામાની માંગણી કરી છે. ઉત્તર પ્રદેશમાં સાંપ્રદાયિક હિંસામાં ૪૮ લોકોના મોતની સાથે સાથે સૈંકડો લોકો ઘાયલ થયા છે. ૧૦ હજારથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. મોટી સંખ્યામાં લોકોને મુજફ્ફરનગર અને આસપાસના વિસ્તારમાંથી હિજરત કરવાની ફરજ પડી છે.

## ડુંગળીના લઘુત્તમ નિકાસ ભાવમાં વધારો કરવા માટેનો તખ્તો તૈયાર

નવી દિલ્હી,તા. ૧૮

ડુંગળીની કિંમત સતત વધી રહી છે ત્યારે સરકાર ટૂંક સમયમાં જ લઘુત્તમ નિકાસ કિંમત (એમઈપી)માં વધારો કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. એમઈપીની કિંમત ટન દીઠ ૬૫૦ ડૉલરથી વધારીને ૧૦૦૦ ડૉલર કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ડુંગળીની કિંમત આસમાને પહોંચી છે. અમદાવાદ, મુંબઈ, દિલ્હી અને દેશના અન્ય ભાગોમાં ડુંગળીની કિંમત સતત વધી રહી છે. છૂટક કિંમત ૬૦થી ૮૦ રૂપિયા કિલોદીઠ પહોંચી ગઈ છે આવી સ્થિતિમાં સરકાર નિકાસ ફ્લોર કિંમતોને ટન દીઠ વધારીને ૧૦૦૦ ડૉલર કરી શકે છે. હોલસેલ માર્કેટમાં કિલોદીઠ ૬૫ રૂપિયાથી વધુની સ્થિતિમાં જ ડુંગળીની નિકાસ કરી શકાશે. પરિસ્થિતિની સમીક્ષા કરવા ટૂંક સમયમાં જ કેબીનેટ સચિવ દ્વારા મહત્વની બેઠક બોલાવવામાં આવશે. સરકાર નિકાસ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવાની યોજના ધરાવતી નથી. કારણ કે આનાથી ડુંગળીના ખેડૂતો ઉપર માઠી અસર થઈ શકે છે. ગયા મહિનામાં જ એનઈપી ટન દીઠ ૬૫૦ ડૉલર કરાઈ હતી જેના લીધે નિકાસમાં ઘટાડો થયો હતો. જો કે નિકાસની પ્રક્રિયાને સંપૂર્ણપણે રોકવામાં આવી ન હતી. આ જ કારણસર એનઈપીમાં વધુ વધારો કરવામાં આવનાર છે જેના લીધે નિકાસ વધુ મુશ્કેલ બનશે. સરકારી અધિકારીએ આ મુજબની માહિતી આપી છે. તેમને ઉમેર્યું છે કે



અંતિમ નિર્ણય આગામી થોડાક દિવસમાં લેવામાં આવશે. અમારી ગણતરી દર્શાવે છે કે એમઈપીમાં વધારો કરવામાં આવ્યા બાદ ડુંગળીની નિકાસમાં ઘટાડો થશે. એનઈપીને ૧૦૦૦ ડૉલરની કિંમતે લઈ જવામાં આવશે. અધિકારીએ સ્પષ્ટતા કરતા કહ્યું છે કે જે હોલસેલ માર્કેટમાં ડુંગળીની કિંમત ૬૫ રૂપિયા હશે તે જ ડુંગળીની નિકાસ કરી શકશે. હોલસેલ અને રિટેલ કિંમતોમાં ભારે ફેરફાર જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાંથી પૂરવઠો ખોરવાઈ ગયો છે. દક્ષિણી રાજ્યોમાંથી ડુંગળીના નવા પાકનો જથ્થો વરસાદના કારણે પહોંચી રહ્યો નથી. દેશના જુદા જુદા ભાગોમાં ડુંગળીની કિંમતો આસમાને પહોંચી છે. દિલ્હી અને અન્ય રાજ્ય સરકારો કિંમતોને લઈને ચિંતાતુર બનેલી છે. ખાદ્યાન અને ગ્રાહક બાબતોના પ્રધાન એવી થોમર્સે ગઈકાલે કહ્યું હતું કે મહારાષ્ટ્ર જેવા ડુંગળી ઉત્પાદન કરતા રાજ્યોને સગ્રહખોરો સામે પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. સંગ્રહખોરીના પરિણામ સ્વરૂપે ડુંગળીની કિંમત વધી રહી છે. રાજકીય રીતે સંવેદનશીલ કોમોડિટીની ઉપલબ્ધતાની ખાતરી કરવા તમામ રાજ્યોને કહેવામાં આવ્યું છે.

## રાજનની પ્રથમ જ પોલીસી બેઠક પર હવે બધાનું ધ્યાન

### રૂપિયાને સ્થિર કરવાના પ્રયાસો કરાશે

નવી દિલ્હી,તા. ૧૮

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નવા ગવર્નર રઘુરામ રાજન શુક્રવારના દિવસે તેમની પ્રથમ પોલીસી સમીક્ષા રજૂ કરનાર છે. રઘુરામ રાજન પાસેથી ઘણી આશાઓ કારોબારીઓ અને વેપારીઓ રાખી રહ્યા છે. રઘુરામ રાજન સામે પણ પ્રવર્તમાન સંજોગો હેઠળ ઘણા પડકાર રહેલા છે. તેમની સામે જે પડકાર છે તેમાં અમેરિકી ડૉલર સામે રૂપિયાના ધોવાણને રોકવા, વધતાં જતા ફુગાવાને અંકુશમાં લેવા અને અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવાનો સમાવેશ થાય છે. મોટાભાગના વેપારી નિષ્ણાંતો માની રહ્યા છે કે રઘુરામ રાજન તેમની પ્રથમ નીતિ સમીક્ષામાં ફુગાવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરશે. આ સપ્તાહમાં જ ફુગાવો ૬.૧ ટકાની છ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. ઘણા કારોબારીઓ અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા વ્યાજદરમાં ઘટાડો કરાશે તેવી અપેક્ષા રાખી રહ્યા



છે. કેપીટલ ઈકોનોમિકસમાં મુખ્ય અર્થશાસ્ત્રી ડેનીયલ માર્ટિનનું કહેવું છે કે નવા ગવર્નર સામે ઘણા પડકાર છે જે પૈકી સૌથી મોટો પડકાર અર્થતંત્ર સામેના સંઘર્ષની સ્થિતિ છે. એવું માનવામાં આવે છે કે પોલીસી રેટને હાલ પુરતા યથાવત્ રાખવામાં આવે તેવી શક્યતા છે. ફુગાવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરાશે. પોલીસી રેટ હાલમાં ૭.૨૫ ટકા છે. રૂપિયાને સ્થિર કરવાના ભાગરૂપે જુલાઈ મહિનામાં તેમાં સુધારો કરાયો હતો. જાણકાર અર્થશાસ્ત્રીઓનું કહેવુંછે કે રઘુરામ રાજન આર્થિક મામલામાં વ્યાપક અનુભવ ધરાવે છે.

આવી સ્થિતિમાં તેઓ યોગ્ય નિર્ણય લેશે. ભારતીય અર્થતંત્ર છેલ્લા ઘણા સમયથી ખૂબ નીચી સપાટીએ પહોંચ્યું છે. એક વખતે આર્થિક વિકાસદર ૮થી ૯ ટકાની વચ્ચે હતો. છેલ્લા વર્ષમાં આર્થિક વિકાસદર ૫ ટકા રહ્યો છે જે એક દશકમાં સૌથી નીચો દર છે. મૂડીરોકાણકારોની નજર પહેલાંથી જ કેન્દ્રીત થઈ ગઈ છે. ૪થી સપ્ટેમ્બરના દિવસે આરબીઆઈના ગવર્નર તરીકેની જવાબદારી સ્વીકારી લીધા બાદથી રાજને તમામ પાસાંઓ ચકાસી લીધા છે. પ્રવર્તમાન સંજોગો હેઠળ કયા પગલાં જરૂરી છે તેના ઉપર ધ્યાન કેન્દ્રીત કરી દીધું છે.

## પાકિસ્તાન દ્વારા આ વર્ષે ૯૬ વાર યુદ્ધવિરામનો ભંગ થયો

જમ્મુ,તા. ૧૮

સંરક્ષણ પ્રવક્તા એસએન આચાર્યએ આજે કહ્યુ હતુ કે ભારત પાકિસ્તાન સરહદ પર અગ્રિમ ચોકીઓ અને નાગરિક વિસ્તારોને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાને આ વર્ષે ૯૬ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. છેલ્લા આઠ વર્ષમાં સૌથી વધુ વખત પાકિસ્તાની સેનાએ યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. આચાર્યએ કહ્યુ હતુ કે સપ્ટેમ્બરના મહિનામાં પાકિસ્તાની સેના દ્વારા ૧૮ વખત હજુ સુધી યુદ્ધવિરામનો ભંગ કરાયો છે આનો મતલબ એ થયો કે પાકિસ્તાની સેનાએ આ મહિનામાં દરરોજ યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો છે જેના પરિણામ સ્વરૂપે ભારે તંગદિલીપૂર્ણ સ્થિતિ સરહદ પર રહી છે. આચાર્યનું કહેવું છે કે આ વર્ષે નવેમ્બરમાં યુદ્ધવિરામના અસ્તિત્વને લઈને એક દશક પૂર્ણ થનાર છે. ૨૦૦૩માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની સમજૂતિ થઈ હતી ત્યારબાદથી પાકિસ્તાને વારંવાર યુદ્ધવિરામનો ભંગ જારી રાખીને સમજૂતિઓનો ભંગ કર્યો છે. આ વર્ષે જમ્મુ, કાશ્મીરના એલઓસી, આંતરરાષ્ટ્રીય સરહદમાં પાકિસ્તાની સૈનિકો દ્વારા ગોળીબાર અને દુસાહસના લીધે તંગદિલીપૂર્ણ સ્થિતિ રહી છે. છઠ્ઠી



ઓગસ્ટ બાદથી દરરોજ પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. છ જવાનો છઠ્ઠી ઓગસ્ટના દિવસે માર્યા ગયા હતા. એ દિવસે અગ્રિમ ચોકીઓ, નાગરિક વિસ્તારોમાં પાકિસ્તાની સેનાના જવાનો ઘૂસી ગયા હતા અને છુપો હુમલો કરીને છ જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. છેલ્લ આઠ વર્ષની સરખામણીમાં આ વર્ષમાં યુદ્ધવિરામનો ભંગ સૌથી વધુ વખત કરવામાં આવ્યોછે. સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ માર્ચ મહિનામાં લોકસભામાં જણાવ્યું હતુકે ગયા વર્ષે જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા પર ૯૩ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો હતો. ગયા વર્ષે ફાયરિંગ અને યુદ્ધવિરામના ભંગના સરહદી બનાવોમાં ૧૦ સુરક્ષાજવાન સહિત ૧૩ લોકો ઘાયલ થયા હતા અને ત્રણ સુરક્ષા જવાનો માર્યા ગયા હતા. પાકિસ્તાની સેનાએ ૨૦૧૦માં ૪૪ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. જ્યારે ૨૦૧૧માં ૫૧ વખત યુદ્ધવિરામનોભંગ કરાયો હતો. ૨૦૧૦માં યુદ્ધવિરામના ભંગ દરમિયાન બે જવાનોના મોત થયા હતા જ્યારે ૨૦૧૧માં એકનું મોત થયુ હતુ. ૨૦૦૯માં યુદ્ધવિરામનો ૨૮ વખત ભંગ થયો હતો. જ્યારે ૨૦૦૮માં ૭૭ વખત પાકિસ્તાની સેનાએ યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. આંકડાઓ દર્શાવે છે કે પાકિસ્તાની સેનાએ એનડીએના શાસન દરમિયાન પણ યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો પરંતુ તે ગાળા દરમિયાન ઘણા વિશ્વાસ નિર્માણના પગલા લેવાયા હતા.

## કોલસા મંત્રાલય તરફથી ગુમ ફાઈલોની યાદી સુપ્રત કરાઈ

નવી દિલ્હી,તા. ૧૮

સીબીઆઈને આજે કોલસા મંત્રાલય તરફથી લાપતા થયેલી ફાઈલોની યાદી મળી હતી. આની સાથે જ સીબીઆઈ દ્વારા આ મામલામાં એફઆઈઆર દાખલ કરવા માટેનો માર્ગ મોકળો થી ગયો છે. સીબીઆઈને કોલસા બ્લોકની ફાળવણી સાથે સંબંધિત ફાઈલોની યાદી કોલસા મંત્રાલય તરફથી મળી હોવાના અહેવાલ મળ્યા છે. સીબીઆઈ સૂત્રોએ કહ્યુ છે કે કેસ દાખલ કરવાના સંબંધમાં પ્રક્રિયા ટૂંકમાં જ હાથ ધરવામાં આવશે. હજુ સુધી ઘણી ફાઈલો લાપતા બનેલી છે. હવે મંત્રાલયમાં નહીં રહેલી ફાઈલોની યાદી અંગે પત્ર મળ્યો છે. કોલસા મંત્રાલયે ફાઈલોની યાદી સાથે દસ્તાવેજો પણ મોકલ્યા છે આ ઉપરાંત રેકોર્ડ પણ મોકલવામાં આવ્યા છે જે મળી ચુક્યા છે. મંત્રાલયના નિરીક્ષણમાં જણાવાયુ છે કે મંત્રાલય તરફથી સીબીઆઈ દ્વારા માંગવામાં આવેલી તમામ ફાઈલો હજુ સુધી મળી નથી. એટર્ની જનરલ મારફતે વાતચીતમાં સીબીઆઈએ કેટલાક રેકોર્ડની યાદી તૈયાર કરી છે. મંત્રાલય દ્વારા દાવો કરાયો છે કે ઘણા રેકોર્ડ આપવામાં આવ્યા છે પરંતુ કેટલાક બાકી પણ છે. અત્રે ઉલ્લેખનીય છે કે સીબીઆઈ કોલસા બ્લોક ફાળવણી કૌભાંડના સંબધમાં તેના દ્વારા દાખલ કરવામાં આવેલા ૧૩ કેસો સાથે સંબંધિત મહત્વપૂર્ણ રેકોર્ડમાં ચકાસણી કરી રહી છે. આ કૌભાંડમાં કોંગ્રેસના સાંસદ વિજય દરદાના પત્રનો પણ સમાવેશ થાય છે. આરોપી કંપની પૈકીની એક એએમઆર સ્ટીલ માટે કોલસા બ્લોકની ફાળવણીની ભલામણ પત્રમાં કરવામાં આવી હતી. કોલસા મંત્રાલયને આપવામાં આવેલી યાદીમાં સીબીઆઈએ પણ કેટલીક એવી ફાઈલો આપી હતી જેમાં કેટલાકના નામનો ઉલ્લેખ હતો.

## ઉત્તર પ્રદેશમાં મોદીની ઘણી રેલીઓ યોજવાની હિલચાલ

નવી દિલ્હી,તા. ૧૮

ઉત્તર પ્રદેશમાં લોકસભાની ચૂંટણી પહેલા ભાજપની સ્થિતિને વધુ મજબૂત કરવા માટે નવી વ્યૂહરચના ઉપર આક્રમક વિચારણા ચાલી રહી છે. મળેલી માહિતી મુજબ ભાજપ સ્થિતિને મજબૂત કરવા ઉત્તર પ્રદેશમાં નરેન્દ્ર મોદીની શ્રેણીબદ્ધ રેલીઓની યોજના ધરાવે છે. નવી દિલ્હીમાં જ તાજેતરમાં જ ભાજપ પ્રમુખ રાજનાથસિંહે ઉત્તર પ્રદેશ સાથે સંબંધિત વ્યૂહરચના બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્યમાં પક્ષની સ્થિતિને કઈ રીતે મજબૂત કરવામાં આવે તે પાસાં ઉપર ચર્ચા થઈ હતી. લખનૌમાં એક રેલી સહિત આઠ રેલીઓને આ બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશમાં આવનાર મહિનાઓમાં આઠથી વધુ રેલીઓ કરી શકે છે. પક્ષે પીઢ નેતા કાલરાજ મિશ્રા, હુકુમસિંહ, સાધવી ઊમા ભારતી સહિત ટોચના નેતાઓની આશરે ૧૫ રેલીઓને પણ લીલીઝંડી આપી દીધી છે.

રાજ્યમાંથી લોકસભાની ચૂંટણી લડનાર અન્ય ઘણા નેતાઓ દ્વારા પણ રેલીઓ યોજનાર છે. ઉત્તર પ્રદેશમાંથી મોદીની સંભવિત દાવેદારીના મુદ્દે હજુ સુધી કોઈપણ ચર્ચા કરવામાં આવી નથી. મુજફ્ફરનગરમાં તાજેતરમાં જ



ભડકેલી સાંપ્રદાયિક હિંસાના કારણે ધ્રુવીકરણની સ્થિતિ સર્જાઈ શકે છે. આ બેઠકમાં પક્ષની સ્થિતિને મજબૂત કરવાનો મુદ્દો છવાયેલો રહ્યો હતો. મોદી પોતે ઓબીસી છે તે મુદ્દે ભાજપે હાલમાં જ રજૂઆત કરી હતી. ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહ યાદવની પણ મદદ લેવામાં આવી રહી છે. મોદી એકલા ભાજપને સત્તામાં લાવી શકે છે તેવી ચર્ચા ચાલી રહી છે. કલ્યાણસિંહ કહી ચૂક્યા છે કે નરેન્દ્ર મોદી ૧૦ ટકા મત હિસ્સેદારી વધારી શકે છે. યોગ્ય ઉમેદવારની પસંદગી મહત્વપૂર્ણ રહેશે. દિલ્હીમાં નવી વ્યૂહરચનાના ભાગરૂપે અન્ય પાસાંઓ પણ છવાયા હતા. ઉત્તર પ્રદેશમાં નમોની રેલીઓને લઈને કાર્યકરોમાં ઉત્સાહ દેખાઈ રહ્યો છે.

## જગનના જામીન પર ચૂકાદો અનામત રહ્યો

હૈદરાબાદ,તા. ૧૮

ખાસ સીબીઆઈ કોર્ટે જેલમાં રહેલા વાયએસઆર કોંગ્રેસના વડા વાયએસ જગનમોહન રેડ્ડીની જામીન અરજી પર ૨૩મી સપ્ટેમ્બર સુધી ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે. તેમના દ્વારા માલિકીની કંપનીમાં આડેધડ મૂડીરોકાણ સાથે સંબંધિત કેસમાં જગન મોહન રેડ્ડી હાલમાં મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સીબીઆઈએ જગનમોહનની જામીન અરજીનો વિરોધ કર્યો હતો અને એવી દલીલ કરી હતી કે જો કડાપ્પાના સાંસદને જામીન મળી જશે તો આ કેસમાં ટ્રાયલને માઠી અસર થઈ શકે છે. કડાપ્પાના સાંસદે ૧૧મી સપ્ટેમ્બરના દિવસે જામીન માટેની અરજી કરી હતી. કડાપ્પાના સાંસદે ૧૧મી સપ્ટેમ્બરના દિવસે જામીન માટેની અરજી કરીને જણાવ્યુ હતુ કે તેમની સામે કેસમાં સીબીઆઈ દ્વારા તપાસને પરિપૂર્ણ કરવા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આુવેલી ચાર મહિનાની મહેતલ નવમી સપ્ટેમ્બરના દિવસે પૂર્ણ થઈ ચૂકી છે. તેમના વકીલ મારફતે દાખલ કરવામાં આવેલી જામીન અરજીમાં જગન મોહને વધુમાં કહ્યુ હતુ કે દરિયા કાંઠાના આંધ્ર અને રાયલસીમા પ્રદેશમાં આંદોલનના અનુસંધાનમાં લોકો સાથે તેમની ઉપસ્થિતિ જરૂરી છે કારણ કે રાજકીય પક્ષના નેતા તરીકે તેઓ આંદોલનનું નેતૃત્વ કરી રહ્યા છે. સીબીઆઈના વકીલે એવી દલીલ કરી હતી કે તપાસને પરિપૂર્ણ કરવા સાથે સંબંધિત સુપ્રિમ કોર્ટના તારણો અને જગનની અરજી વચ્ચે કોઈ સીધા સંબધ નથી.

## બિહારમાં ૩૩ જિલ્લાઓ દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયા

પટણા,તા. ૧૮

બિહાર સરકારે આજે રાજ્યના ૩૮ જિલ્લાઓ પૈકીના ૩૩ જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા હતા. આની સાથે જ બિહારમાં લોકોની ચિંતામાં વધારો થયો છે. આ વર્ષએ બિહારમાં ખૂબ ઓછો વરસાદ થયો છે. મુખ્યમંત્રી નીતિશકુમારના નેતૃત્વમાં મળેલી કેબિનેટની બેઠકમાં આ અંગેનો નિર્મય લેવામાંઆવ્યો હતો. મુખ્ય સચિવ બ્રજેશ મહેરોત્રા અને મુખ્ય સચિવ વ્યાસજીએ કહ્યુ હતુ કે આ નિર્ણય લેવામાં આવ્યો છે કારણકે મોનસૂનની સિઝન દરમિયાન સામાન્ય કરતા ૨૦ ટકા ઓછો વરસાદ આ જિલ્લાઓમાં થયો છે. એકંદરે રાજ્યમાં ૨૫ ટકા ઓછો વરસાદ થયો છે. ૮૯૨.૨ મીમીના વાર્ષીક સરેરાસ સામે માત્ર ૬૬૮.૬ મીમી જેટલો વરસાદ થયો છે જે ૨૫ ટકા ઓછો વરસાદ છે. ઓછા વરસાદના લીધે બિહારની હાલત કફોડી બનેલી છે. સામાન્યરીતે બિહારમાં ૪૫થી ૪૬ દિવસ સુધી વરસાદનો ગાળો રહે છે. પરંતુ આ વર્ષે બિહારમાં માત્ર ૧૫ દિવસ સુધી જ મોનસૂનનો ગાળો ચાલ્યો છે. ખૂબ ઓછા વરસાદના પરિણામ સ્વરૂપે ભૂગર્ભ જળ સપાટી ખૂબ નીચે જતી રહી છે જેથી દુષ્કાળ જાહેર કરવાની ફરજ પડી છે.

## આઈઆઈટીમાં હાલ ગંભીર ફેકલ્ટી કટોકટ

મુંબઈ,તા. ૧૮

ફેકલ્ટી કટોકટીનો સામનો કરી રહેલી ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીમાં ઘણી બધી તકલીફો હજુ પણ પ્રવર્તી રહી છે. એવો અંદાજ મૂકવામાં આવ્યો છે કે આદર્શ શિક્ષક-વિદ્યાર્થી રેશિયો સુધી પહોંચવામાં એક દશક સુધીનો સમય લાગી જશે. ટૂંકમાં ફેકલ્ટી અને શિક્ષકો વચ્ચે ખૂબ અંતર છે. આજ કારણસર આઈઆઈટીના શિક્ષણને પણ માઠી અસર થઈ રહી છે. સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ આઈઆઈટીમાં શિક્ષક-વિદ્યાર્થી રેશિયો ૧-૧૦નો હોવો જોઈએ પરંતુ હાલમાં આ રેશિયો ભારે ચિંતાનો વિષય બનેલો છે. વિદ્યાર્થીઓની સંખ્યામાં ફેકલ્ટી ખૂબ ઓછા પ્રમાણમાં છે. દેશભરમાં ૬૫૨૨ મંજૂર કરવામાં આવેલી ફેકલ્ટીની જગ્યાઓ પૈકી ૨૬૧૮ જગ્યાઓ હજુ ભરવામાં આવી નથી જેથી કેમ્પસર્સમાં ફેકલ્ટીની ૪૦ ટકા અછત પ્રવર્તી રહી છે. બીજી બાજુ ૨૦૦૬ બાદથી વિદ્યાર્થીઓની હિસ્સેદારીમાં ૫૪ ટકા સુધીનો વધારો થયો છે. કારણ કે ઓબીસી ક્વોટાના ૨૭ ટકા વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત બેઠકોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. કેમ્પસર્સમાં શિક્ષક-વિદ્યાર્થી રેશિયો ૧-૧૫ની આસપાસ છે. આઈઆઈટી રૂરકીમાં હાલત સૌથી ગંભીર બનેલી છે. અહીં ૧-૨૦નો રેશિયો થયેલો છે. આઈઆઈટી રોપર અને આઈઆઈટી મંડી જેવી નવી સંસ્થાઓમાં દરેક બે વિદ્યાર્થી માટે એક ફેકલ્ટી છે જે ખૂબ સારી સ્થિતિ દર્શાવે છે. ઓલ ઈન્ડિયા ફેકલ્ટી સંખ્યાબળ હાલમાં ૩૯૦૪ છે. સામાન્ય રીતે જૂની આઈઆઈટી દ્વારા વાર્ષિક રીતે ૩૫થી ૪૦ નવા શિક્ષકોની પસંદગી કરવામાં આવે છે. નામ જાહેર નહીં કરવાની શરતે આઈઆઈટીના ડિરેક્ટરે માહિતી આપતા કહ્યું છે કે વિદ્યાર્થીઓની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. ઓબીસી વિસ્તરણની પણ સ્થિતિ સર્જાઈ છે. આ ઉપરાંત પીએચડીની સંખ્યા વધી છે જેથી ફેકલ્ટીની સંખ્યાને ખૂબ ઝડપથી વધારવાની બાબત શક્ય દેખાઈ રહી નથી. તેમને એમ પણ કહ્યું છે કે એક આદર્શ શિક્ષક-વિદ્યાર્થીઓ રેશિયો ઉપર પહોંચવામાં હજુ પણ ૫થી ૧૦ વર્ષનો સમય લાગી શકે છે. આઈઆઈટી મુંબઈના ડિરેક્ટર દેવાંગ ખાખરનું કહેવું છે કે ફેકલ્ટી ગુણવત્તામાં સુધાર કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા પણ નવા ટેકનીકલ સ્ટાફની ભરતી કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. આધુનિક ટેક્નોલોજી અને સાધનોનો ઉપયોગ પણ વધી રહ્યો છે. દરેક આઈઆઈટીમાં પૂરતી સુવિધા રહે તે જરૂરી છે. નાણાંમંત્રાલય તરફથી એક વખતે મંજૂરી મળી ગયા બાદ ભરતીની પ્રક્રિયા વધુ ઝડપથી હાથ ધરાશે.

## સોપિયનમાં સતત સાતમાં દિવસે સંચારબંધી યથાવત

શ્રીનગર,તા. ૧૮

જમ્મુ કાશ્મીરના સોપિયન શહેરમાં આજે સતત સાતમા દિવસે પણ સંચારબંધી યથાવતરીતે જારી રહી હતી. દક્ષિણ કાશ્મીરમાં સ્થિતિમાં સુધારો ન થતા આજે પણ સંચારબંધીમાં કોઈ રાહત આપવાનો તંત્રએ ઈન્કાર કર્યો હતો. સાતમી અને ૧૧મી સપ્ટેમ્બરના દિવસે બે જુદા જુદા બનાવોમાં પાંચના મોત થયા હતા.

પોલીસ પ્રવક્તાએ માહિતી આપતા કહ્યુ છે કે સંચારબંધી સોપિયન શહેરમાં સાવચેતીના પગલારૂપે યથાવતરીતે જારી રહી છે. સંચારબંધી સૌથી પહેલા આઠમી સપ્ટેમ્બરના દિવસે સોપિયન જિલ્લામાં લાગુ કરવામાં આવી હતી. એક દિવસ અગાઉ સીઆરપીએફના ગોળીબારમાં ચાર લોકોના મોત બાદ વ્યાપક અથડામણો ભડકી ઉઠી હતી. પ્રતિબંધાત્મક આદેશો પણ ૧૧મી સટેમ્બરના દિવસે ઉઠાવી લેવામાં આવ્યા હતા પરંતુ સુરક્ષાદળો અને દેખાવકારો વચ્ચે ફરી એકવાર અથડામણ થતા આગલા દિવસે સાંચરબંધી ફરી લાગુ કરવામાં આવી હતી. આ હિંસામાં અન્ય એક યુવાનનું મોત થયુ હતુ. આની સાથે જ મોતનો આંકડો વધીને પાંચ પર પહોંચ્યો છે. અન્ય મોટા શહેરો કુલગામ, પૂલવામા, કાકાકોરામાં પણ નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા હતા.